સામાજિક વિજ્ઞાન ધોરણ : 8 બીજું સત્ર

પાઠ 7. આધુનિક ભારતમાં કલા. 25 marks

વિદ્યાર્થીનું નામ:-..........................................................................................................

**1. નીચે દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી √ કરો.5 marks**

1. કયા મુઘલ બાદશાહ દ્વારા ચિત્ર શાળાની સ્થાપના કરવામાં આવી હતી?

A. બાબર B. અકબર C. જહાંગીર D. શાહજહાં

2. ઈસવીસન 1750 પછી ભારતમાં અંગ્રેજો અને ભારતીઓએ કંઈ ચિત્રકલા વિકસાવી હતી?

A. પાશ્ચાત્ય B. અર્ધ પાશ્ચાત્યC. એંગ્લો ઈન્ડિયન D. ઉપરોક્ત પૈકી એક પણ નહીં

3. જૈન શૈલીનાં ચિત્રો જોવા માટે તમે નીચેનામાંથી કયો ગ્રંથ ઉપયોગમાં લેશો?

A. અભિધમ્મ પિટૃક B. સુત્તપિટૃક C. અંગુત્તરનિકાય D. કથાસરિતસાગર

4. ચિત્ર-પ્રદર્શન દરમિયાન ગુજરાતના ચિત્રકારનું ચિત્ર જોઈ હેતાંશે તે ખરીદી લીધું. તેણે કયા ચિત્રકારનું ચિત્ર ખરીધું હશે?

A. અવનીન્દ્રનાથ ટાગોરનું B. પીરાજી સાગરાનું C. જેમિની રાયનું D. અંજલી મેનનનું

5. જો તમારે ભીમબેટકા ના ગુફાચિત્રો જોવા છે, તો તમે કયા રાજ્યની મુલાકાત લેશો?

A. ગુજરાત B. મહારાષ્ટ્ર C. મધ્યપ્રદેશ D. રાજસ્થાન

**2. નીચેના વિધાનોની ખાલી જગ્યા પૂરો. 5 marks**

1. કલાએ માનવીની ..................નું માધ્યમ છે

2. ચિત્ર , શિલ્પ અને હસ્તકલાનો ..................કલામાં સમાવેશ થાય છે

3. કાલીઘાટ ચિત્ર શૈલી જોવી હોય તો તમારે ભારતના ..................રાજ્યમાં જવું પડશે

4. હિમાલયના પહાડી પ્રદેશોમાં ..................ચિત્ર શૈલી જોવા મળે છે

5. બ્રિટિશ સરકારે રાજા રવિ વર્મા ને ..................નો કિતાબ આપ્યો હતો

**પ્રશ્ન 3.મને ઓળખો હું કોણ છું. 5 marks**

1. મેં ભારત માતા નુ ચિત્ર બનાવ્યું છે.

2. મેં મુંબઈના ઘાટકોપરમાં એક લીથોગ્રાફી પ્રિન્ટિંગ પ્રેસ શરૂ હતું

3. મેં અમદાવાદની કોર્ટમાં ગાંધીજી અને શંકરલાલ બેંકર ઉપર રાજદ્રોના આરોપના ચાલેલ મુકદ્દમાની ઐતિહાસિક ઘટનાનું ચિત્ર દોરેલ છે.

4. હું કાગડા શૈલીનો મહાન ચિત્રકાર છું.

5. હું દરબારી કલા છું માટે મારા કેન્દ્રમાં શાહી ઠાઠ જોવા મળે છે.

**પ્રશ્ન 4 યોગ્ય જોડકા જોડો.** **5 marks**

| વિભાગ અ. | ઉત્તર | વિભાગ બ |
|---|---|---|
| 1. પાલ શૈલી. | 1 | A. કુલું,ગઢવાલ , ચંબા અને મંડી મુખ્ય કેન્દ્રો |
| 2. જૈન શૈલી | 2 | B. ભારતીય અને ઈરાનીય શૈલીનો સમન્વય |
| 3. રાજપુત શૈલી | 3 | C. રાજસ્થાન અને મધ્યપ્રદેશના રાજપૂત રાજાઓ દ્વારા આશ્રિત |
| 4. મુઘલ શૈલી | 4 | D. ગુજરાત , રાજસ્થાન અને માળવાના પ્રદેશોમાં વિકાસ |
| 5. કાંગડા શૈલી | 5 | E. બંગાળ, બિહાર , નેપાલ અને તિબેટ સુધીનો વિસ્તાર |

**પ્રશ્ન 5. વડોદરામાં 'કલાભવન'ની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી?**

➢ **ઉત્તર:**

**પ્રશ્ન 6. પાલ ચિત્રશૈલીનો વિસ્તાર ક્યાં ક્યાં થયો હતો?**

➢ **ઉત્તર:**

**પ્રશ્ન 7. ચિત્રકલાને પ્રોત્સાહન આપનાર મુઘલ રાજવીઓમાં કોનો કોનો સમાવેશ થાય છે?**

➢ **ઉત્તર:**

**પ્રશ્ન 8. ચિત્રકલાનો પ્રસાર કરવા અવનીન્દ્રનાથે કઈ સંસ્થા સ્થાપી?**

➢ **ઉત્તર:**

**પ્રશ્ન 9. ગુજરાતમાં કઈ શૈલીનાં ચિત્રો વિશેષ મળી આવ્યાં છે?**

➢ **ઉત્તર:**